## સ્વર્ણિમ જ્યંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના

ચોમાસા દરમ્યાન નુકશાન પામેલ રસ્તાઓના મજબૂતીકરણ અને વિસ્તૃતીકરણના કામો માટે ડીસે-૧૨ સુધી મુદત વધારવા બાબત.

ગુજરાત સરકાર,
શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિમાર્ણ વિભાગ

**ઠરાવ ક્રમાંક: સજય-૧૦૨૦૧૧-એફ-૧૯૯૩-ધ,**

સચિવાલય, ગાંધીનગર.

તારીખ: ૬/૦૬/૨૦૧૨

**વંચાણે લીધાઃ-**

(૧). શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિમાર્ણ વિભાગનો તા.30/૯/૨૦૧૧નો ઠરાવ ક્રમાંક: સજય-૧૦૨૦૧૧-એફ-૧૯૯૩-ધ

**પ્રસ્તાવનાઃ-**

રાજ્યમાં વર્ષા ઋતુ દરમ્યાન સતત એકધારા તથા ભારે વરસાદના કારણે રાજ્યની મહાનગરપાલિકાઓ તેમજ નગરપાલિકાઓમાં રસ્તાઓને મોટા પ્રમાણમાં થયેલ નુકશાન ના કારણે મહાનગરપાલિકા તેમજ નગરપાલિકાઓને ગુજરાત મ્યુનિસિપલ ફાયનાન્સ બોર્ડ તરફથી ચોમાસા દરમ્યાન નુકશાન પામેલ રસ્તાઓના મજબૂતીકરણ અને વિસ્તૃતીકરણના કામો માટે વિભાગના તા.30/૦૯/૨૦૧૧ ના આમુખ-૧માં ઠરાવથી સહાય આપવાનુ નકકી કરવામાં આવેલ છે.

આ કામો વર્ષના આખર સુધીમાં પૂરા કરી ભૌતિક પ્રગતિ અને ગ્રાન્ટ વપરાશી પ્રમાણપત્રો રજૂ કરવાનું પણ ઠરાવેલ હતું. પરંતુ કામો માટે મુદત લંબાવી આપવાની દરખાસ્તો મળતા આ અંગે સરકારશ્રીની સક્રિય વિચારણાને અંતે નીચે મુજબ ઠરાવવામાં આવે છે.

**ઠરાવઃ-**

ઉપર વંચાણે લીધેલ આ વિભાગના તા.30/૦૯/૨૦૧૧ ના ઠરાવ અન્વયે મહાનગરપાલીકાઓ તેમજ નગરપાલિકાઓને ચૂકવવામાં આવેલ રકમમાંથી કરવાનાં કામો પૂરા કરવાની સમયમર્યાદા ડીસે-૨૦૧૨ સુધી વધારી આપવામાં આવે છે. આ અંગેની અન્ય શરતો ઉપર દર્શાવેલ ઠરાવ મુજબ યથાવત રહેશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

(એ.કે.શર્મા)
સેકશન અધિકારી
શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ

નકલ રવાના પ્રતિ

- અંગત સચિવશ્રી, માન મંત્રીશ્રી, શહેરી વિકાસ નુ કાર્યાલય, સચિવાલય, ગાંધીનગર
- મ્યુનિસિપલ કમિશ્નરશ્રીઓ, સર્વે મહાનગરપાલિકાઓ
- નિયામકશ્રી નગરપાલિકાઓ ગુજરાત સરકાર ગાંધીનગર( સર્વે નગરપાલિકાઓને પરિપત્રિત કરવાની વીનંતી સહ)
- પ્રાદેશિક નિયામકશ્રી નગરપાલિકાઓ ગુજરાત સરકાર, રાજકોટ.
- મેનેજીંગ ડીરેક્ટરશ્રી, ગુજરાત અર્બન ડેવલપમેન્ટ કંપની, ગાંધીનગર
- અધિક મુખ્ય કારોબારી અધિકારીશ્રી ગુજરાત અર્બન ડેવલપમેન્ટ મીશન, ગાંધીનગર
- મુખ્ય કારોબારી અધિકારીશ્રી ગુજરાત મ્યુનિસિપલ ફાયનાન્સ બોર્ડ, ગાંધીનગર
- કલેક્ટરશ્રી પંચમહાલ, ગોધરા તેમના તા૧૧/૦૪/૨૦૧૨ ના ફેકસ મેસેજ અન્વયે જાણ સારૂ.

  BY FAX 02672 – 243288 - 242899
- શાખા સીલેક્ટ ફાઇલ.